# ચં. જ. સ. B. Com.

આ ડિગ્રી લેવા માટે ચં.જ.સ.એ કેટલા સમુદ્રો અને કેટલા પહાડો પાર કર્યા હતા ! પાંખાળા ઘોડાઓ ત્યારે ફક્ત વાર્તાઓમાં રહેતા હતા, તો ક્યારેક આંખોમાં ઊડતા હતા. આવી સ્વપ્નશીલ આંખોએ એસ.એસ.સી.ની પરીક્ષા આપી, ત્યારે ચં.જ.સ. એમ જ સમજતા હતા કે હાશ, ચાલો છૂટ્યા; આ સ્કૂલ યુનિફોર્મમાંથી, પ્રિન્સિપાલ મગદાણીની ધાક અને ગુસ્સાથી, તોફાની – વેરી અને ઝેરી દુશ્મન સહાધ્યાયીઓથી ! હવે તો મનગમતા સાથી પસંદ કરવાના, મનગમતાં કપડાં પહેરવાનાં (એ અલગ વાત છે કે ચં.જ.સ. પાસે ત્રણ જોડ ચાલુ પહેરવાનાં કપડાં અને ન્યાત તથા લગ્નમાં પહેરવાની એક જોડ એક્સ્ટ્રા હતી !) અને ખાસ તો સપનાં જોવાનાં, જોયા જ કરવાનાં ! હવે સ્વપ્નો ઉપરની રોકટોક ગઈ.

એ દિવસે ચં.જ.સ.ના કડક બાપાએ બે કોલેજના પ્રિન્સિપાલને ઘરે નાસ્તો કરવા બોલાવ્યા. ટ્રસ્ટીના નાના ભાઈને ના કહેવાનું તેમનું ગજું ન હતું. એ જ સાંજે સંપીને બેઉ પ્રિન્સિપાલ હાજર ! તેમની સામે નાસ્તાની ડિશ મૂકીને ચં.જ.સ.નાં બા અને બાપા બાજુમાં બેસી ગયાં. 'આ આપણો ચં.જ.સ. ૫૯ ટકે પાસ થઈ ગયો, એસ.એસ.સી.માં !' બાપા બોલ્યા. આર્ટ્સના પ્રિન્સિપાલ સ્વાદિયાનું મન ખાટું થઈ ગયું. તેઓ મનમાં બોલ્યા, 'ટ્રસ્ટીના ભાઈને બોલવાના અર્થનુંયે ભાન નથી ! અલ્યા, 'આપણો' શેનો ? તારો અને તારી બાયડીનો ! સા...લ્લો ! એક નંબરના સ્વાર્થી છે. હવે કામ પડ્યું એટલે ચેવડો ને પેંડા અને છેલ્લે છોકરો પકડાવશે, નક્કી !'

ચં.જ.સ.ના કડક બાપાએ નરમાશથી સં.જ.સ.ને ડ્રોઈંગરૂમમાં બોલાવ્યો.

બાપા આટલું નરમાશથી બોલી શકે ! મનમાં હસતોહસતો ચં.જ.સ. દૂબળા શરીરે હાજર થયો. મોટીમોટી ડાબલા જેવડી આંખો જોઈને આર્ટ્સના પ્રિન્સિપાલને લાગ્યું ... નક્કી, આ છોકરાની આંખો બીજાંઓના કરતાં વધારે મોટી છે, એટલે વધારે જોતી હશે ... ચેતતા રહેવું સારું ! હજુ આગળ વિચારે તે પહેલાં પ્રિ. સ્વાદિયાના ચરણ ઉપર કોમળ હાથથી સ્પર્શ થયો અને બંને હાથ એની મેળે ઊંચકાઈને તેની પીઠ ઉપર આવી ગયા. પ્રિ. સ્વાદિયાએ મલકતા મુખે પેંડાનો બાકીનો ટુકડો પોતાના મોંઢામાં પધરાવતાં અટ્ટહાસ્ય સાથે કહ્યું, 'શાબાશ...શાબાશ...શાબાશ...હવે, શું વિચાર છે ? ચં.જ.સ. પહેલી વખત પ્રિ. સ્વાદિયા સામે આંખ મેળવીને જોઈ રહ્યો !

પાંખાળો ઘોડો તો આ પ્રિન્સિપાલ સ્વાદિયા જ છે... અરે, વાહ, મજા આવી જશે ....હવે તો સાત પહાડો, સાત નદીઓ અને સાત સમુદ્રપારના પ્રદેશમાં જવાનું પાક્કું !!! ચં.જ.સ.એ બાપાનો ખોંખારો સાંભળ્યો અને સ્વપ્નપ્રદેશની લટાર પૂરી થઈ ગઈ !

'જવાબ દે ભાઈ, સ્વાદિયા સાહેબે તને પૂછ્યું કંઈક... !' ગૂંચવાએલા ચં.જ.સ.એ માથા ઉપરના ટૂંકા વાળમાં હાથ ફેરવતાં, પછી પીઠ વલૂરતાં અને હાથની ચળ નકારતા બીજા હાથથી ચળવાળા હાથને દબાવીને એટલું જ કહ્યું, 'સાહેબ, એ જ સમજ નથી પડતી. નાટકો, વક્તૃત્વ એમ બધાંયમાં કેટલો બધો ભાગ લીધો છે; એટલે મન કહે છે, આટ્ર્સ, આટ્ર્સ, આટ્ર્સ !' કેટલુંય બોલવાનું મન થતું અટકાવીને ચં.જ.સ. બેસી ગયા, સામેની ખુરશી ઉપર. બાબાપા સેટી ઉપર બેઠાં હતાં. સોફા ઉપર બંને પ્રિન્સિપાલ બેઠા હતા. સામે ઈઝી ચેરને જરાક હિંચોળો તો ઊંચીનીચી હીંચકા ખાતી રહેતી. ઉપર હીંચકાની ઠેસ ન લાગે તે માટે મજબૂતાઈથી હેન્ડલ પકડીને ચં.જ.સ. સંકોચાઈને બેસી ગયા.

બાપાએ તોપનું નાળચું કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ દડિયા સામે કર્યું. પ્રિન્સિપાલ દડિયા એટલે ચાર નંબરનાં જાડાં ચશ્માં, બારે માસ સૂટ પહેરીને ફરતા ગામના એકમાત્ર સાહેબ ! ભણેલા-ગણેલા દડિયા પાસે સૂટની વેરાયટી પણ ઘણી. સરસ મજાની પહોળી ટાઈ અચૂક દરેક સૂટ સાથે મળતી આવે. જાડાં ચશ્માંથી માણસને એકએક ઈંચ માપે, પછી તેને જમા કે ઉધાર કરી નાખે તેવો પ્રભાવક ચહેરો ! પહોળા હોઠ વચ્ચેથી હાસ્ય ભાગ્યે જ નીકળે, રખે ને હસવાના પૈસા લાગતા હોય ! પરંતુ બોલે ત્યારે બે શબ્દમાં આખી વાત આવી જાય ! ચં.જ.સ. ફરીથી ઊભા થઈને કમને વાંકા વળ્યા અને પ્રિન્સિપાલ દડિયાને ચરણસ્પર્શ કર્યા, ત્યારે પ્રિન્સિપાલ દડિયાએ જાણે ટચ એન્ડ ગો કરવાનું હોય તેમ ચં.જ.સ.ની પીઠ ઉપર બે આંગળી મૂકીને ચેવડાની છેલ્લી ચમચી પૂરી કરી. સૌ આતુરતાપૂર્વક પ્રિન્સિપાલ દડિયા સામે જોઈ રહ્યાં.

દડિયાનું મોં ખૂલ્યું, 'ભવિષ્યમાં શું બનવું છે ...? શું ગમે છે, શું નહિ ...?'

બસ... ભયાનક વાવાઝોડું થયું ! વીજળીએ જાણે આખા ચં.જ.સ.ને હજાર ટુકડામાં વેરી નાખ્યો ! એક આંખે જેણે સાત નદી, સાત સમુદ્ર, સાત પહાડો જોયાં હતાં, તે રડી પડી ! બીજી વળી પહેલીને છાની રાખવામાં રડી પડી ! આંસુ દડદડતાં દડદડતાં દડિયાની વેધક આંખને શરણે જઈ પડ્યાં.

સ્પર્શ કર્યા વગર પ્રિન્સિપાલ દડિયાએ ચં.જ.સ.ને એવો તમાચો માર્યો કે તેને તમ્મર ચડી ગયાં.

'સાહેબ, મને તો શું થવું છે, એ જ ખબર નથી...!'

'જો ભાઈ ચં.જ.સ., વાર્તા, કવિતા, ભાષણ અને નાટક ઉપર જિંદગી જીવી શકાય ? કંઈક આર્થિક ઉપાર્જન નહિ કરો તો ... તને યાદ હશે કે નાણાં વગરનો નાથિયો... નાણે ....'

ચં.જ.સ.એ પૂરું કર્યું, ' નાથાલાલ ... !'

તેને તેની બાજુની બેન્ચ ઉપર બેસતો નાથિયો ખોડીદાસ પરમાર યાદ આવી ગયો ! ફાટેલાં અને દસ જગ્યાએથી સાંધેલાં શર્ટ-પેન્ટ, થીગડાં દીધેલા બૂટ, સુક્કા વાળવાળો, વાર્તા અને કવિતા કરતો નાથિયો ! નાકમાંથી લીંટ નીકળે તો શર્ટની ચાળ ઊંચી કરીને સાફ કરે ! સાત સમંદર પારથી પાંખાળા ઘોડા ઊલટા પગે અને ઊલટી પાંખે ઊડવા માંડ્યા અને સાત પહાડો પાર કરતાંકરતાં તો હાંફી ગયા ... હજુ તો તેન સાત નદીઓ પાર કરવાની હતી.. ને પાછા કિલ્લામાં આવી જવાનું હતું ... !

આરામખુરશી ઉપરથી ઊભા થઈને ચં.જ.સ.એ પ્રિન્સિપાલ દડિયાને કહ્યું, ‘ સાહેબ, ઊડવા કરતાં ચાલવું સારું ... !’

પ્રિન્સિપાલ દડિયા કંઈ સમજ્યા નહિ..મોટીમોટી આંખોમાંથી સ્વપ્નાં ખરી પડ્યાં હતાં ! આંખો નીચે જમીન તરફ ખોડાઈ ગઈ હતી. પ્રિન્સિપાલ સ્વાદિયા ચાની ચુસકી લઈ રહ્યા હતા. દડિયાએ ટાઈની નૉટ જરા ટાઈટ કરીને ખોંખારો ખાધો.

‘કાલે ફી ભરી જજે ...’

* * * * *

કંઈ ખબર ન પડી કે શું થવું છે અને એમ કરતાંકરતાં ચં.જ.સ. B. Com. થવા લાગ્યા ! એક જ કેમ્પસમાં આર્ટ્સ અને સાયન્સની વચ્ચોવચ્ચ કોમર્સ કોલેજ હતી. ચં.જ.સ. રોજ બગીચામાં બેસે. એક બાજુ આર્ટ્સનાં પતંગિયાં ઊડાઊડ કરતાં હોય ... અને બીજી બાજુ પીળી ભમરી જેવા સાયન્સના કીડાઓ ખદબદતા હોય ! વચ્ચે માત્ર ઊંચી દીવાલો ઉપર લખેલું લક્ષ્મીદાસ ભગવાનદાસ કોમર્સ કોલેજનું ચળકતું પીળું મકાન હોય અને તેની કડક દીવાલો વચ્ચે કડક ઈસ્ત્રી ટાઈટ સૂટમાં પ્રિન્સિપાલ દડિયા અને આખો દિવસ આંગળીથી ગુણાકાર-ભાગાકાર કરતાં માણસ નામનાં મશીનો; જાણે નોટ ગણવાનાં આંખ, નાક, કાન વગરનાં માથાં જેવાં, જેમને માત્ર મળ્યું હોય ખુલ્લું મોંઢુ ... બસ, ગળી જાવ ... ગળચી જાવ ... નિગળી જાવ ... ખાઈ જાવ ... ચાવી જાવ ...બધું પચી જશે ... એવા વિદ્યાર્થીઓ ... !

નાનપણમાં ચં.જ.સ.એ બાપાના લાલ કપડાંના સફેદ દોરાવાળા આઠ ગડીના ચોપડા જોયા હતા ... લાંબી દોરીથી બંધ કરેલા લાંબા ચોપડામાં બાપા કિત્તાથી લખવા બેઠા હોય, ત્યારે પહેલાં જમાનો ‘જ’ લંબાવે અને અધવચ્ચેથી ઉધારનો ‘ઉ’ લંબાવે ! ઉપર ભગવાનનું નામ લખતાં પહેલાં જ લખે અને આવેલી લક્ષ્મી-રૂપિયાને જમા બાજુએ લખે, ઉધારીના ‘ઉ’માં ગયા તે, ખર્ચ થયો તે લખે. ચં.જ.સ.ના મગજમાં નવી એકાઉન્ટ પદ્ધતિની ગેડ પહેલા દિવસથી જ ન પડી કે આવે તેને ઉધારો, જાય તેને જમા કરો ! જિંદગીનું સત્ય શું આ જ છે ?

ઘણી વખત ગુસ્સામાં ચં.જ.સ.ના હાથે પોતાની છાતી ઉપર આડો લીટો થઈ જતો અને પછી જે હાથથી એ બાદબાકીનો લીટો થતો હોય તેને રોકવા તુર્ત જ બીજો હાથ આવી જતો ! મુઠ્ઠીઓ વળી જતી અને એ બે હાથની મુઠ્ઠીઓ વચ્ચે મોટીમોટી બે આંખો ભીંસાઈ જતી ! 'હું' જેવા આકારનો માણસ ગોળ વળીને શૂન્ય બની જતો.

B.Com. થએલા ચં.જ.સ. આજે પોતાની વ્યથા લખવા બેઠા, ત્યારે ક્યાંય નહિ અને ક્યાંયથી પેનની કિંમત, શાહીની કિંમત અને સમયની કિંમતનો સરવાળો થઈ ગયો. એટલે જ ટૂંકમાં લખ્યું, ચં.જ.સ. B.Com. !!!

- ચન્દ્રકાન્ત સંઘવી